# રસોઇ બનાવતી વખતે તમારી સુરક્ષા તપાસ-યાદી

## બ્રેમ્પ્ટનમાં આગ લાગવાનું #1 કારણ રસોઇ બનાવતી વખતે લાગતી આગ છે.



### રસોઇ બનાવતી વખતે સુરક્ષા રાખવાના આ સૂચનો રસોડામાં લાગતી આગને રોકીને તમારા ઘરને સુરક્ષિત રાખે છે.

- ☑ **રસોડામાં જ રહો** જ્યારે ખોરાક રાંધો, તળો, બાફો, ગ્રિલ કરો કે બ્રોઇલ (બેક) કરો. બર્નર બંધ કરો જો તમે કોઇ કારણસર રસોડું છોડીને દૂર જાવ.
- ☑ **તમારા ઘરમાં રહો** જ્યારે ખોરાક ઉકાળો, પકવતા હો કે શેકતા હો. રંધાતો ખોરાક નિયમિતપણે તપાસતા રહો અને તમે ખોરાક રાંધતા હોવાનું તમને યાદ અપાવવા ટાઇમરનો ઉપયોગ કરો.
- ☑ **સચેત રહો અને ધ્યાન આપો** જ્યારે ખોરાક રાંધતા હો. ક્યારેય રસોઇ રાંધશો નહિ જો તમે સચેત ના હો, ઊંઘ આવતી હોય, દારૂ, નશીલી દવાઓ કે દવાનું સેવન કર્યું હોય.
- ☑ **સળગીને આગ પકડી શકતી વસ્તુઓ ખસેડો,** સ્ટવટોપથી દૂર રાખો. દા.ત. ઓવન મિટ્સ (હાથમોજા), પોટ હોલ્ડર્સ, ટુવાલ, કપડું, રાંધવાના વાસણો, ખોરાકનું પેકેજીંગ, વગેરે.
- ☑ **કપડાંને આગ લાગવાથી બચાવો** રાંધતી વખતે ટૂંકા, બંધબેસતા-ફિટિંગવાળા કે ચુસ્ત વાળેલી બાંયવાળા કપડાં પહેરો.
- ☑ **નાના ઉપકરણોના પ્લગ કાઢી નાખો** જ્યારે તે ઉપયોગમાં ના હોય. ઉપકરણને સાફ કરતા પહેલાં અને દૂર મૂકતા પહેલાં હંમેશા ઠંડુ થવા દો.
- ☑ **તૈયાર રહો** રાંધતી વખતે ઓવન મિટ્સ અને પોટ/પૅન લિડ (વાસણ કે કઢાઇના ઢાંકણ)ને સ્ટવની બાજુમાં રાખો.

### આગ લાગવાના કિસ્સામાં ધ્યાનમાં લેવાની કાર્યવાહીઓ

#### થોડીક ગ્રીસની કે પોટ/પૅનની જ્વાળા

- **ગ્રીસની જ્વાળા પર પાણી ક્યારેય રેડશો નહીં!**
- તમારા હાથ સુરક્ષિત રાખવા તમારા ઓવન મિટ્સ (હાથમોજા) પહેરો.
- જ્વાળાઓ ઓલવવા પોટ/પૅન ઉપરનું ઢાંકણ સરકાવો.
- બર્નર બંધ કરો અને પૅન (કઢાઇ) ઠંડી ના થાય ત્યાં સુધી ઢાંકણ ખસેડશો કે કાઢી નાખશો નહીં.
- જ્વાળાથી ગરમ પોટને પકડવાનો કે લઇ જવાનો પ્રયત્ન કરશો નહિ, તેનાથી તમારી ચામડી દાઝી જશે અને જો હાથમાંથી છટકી જાય તો, આગ ફેલાશે.

#### ઓવનની જ્વાળા

- જ્વાળા ઓલવી નાખો અને દરવાજો બંધ રાખો.
- **ઓવન ઠંડુ ના થાય અને જ્વાળા પૂરેપૂરી ઓલવાય નહિ ત્યાં સુધી તેનો દરવાજો ખોલશો નહીં.**

#### માઇક્રોવેવ ઓવનની જ્વાળા

- માઇક્રોવેવને તાત્કાલિક બંધ કરીને ચાલુ પંખાથી જ્વાળાને ઓક્સિજન મળતો રોકો.
- **માઇક્રોવેવ ઓવન ઠંડુ ના થાય અને જ્વાળા પૂરેપૂરી ઓલવાય નહિ ત્યાં સુધી તેનો દરવાજો ખોલશો નહીં.**

---

## રસોડામાં લાગતી આગથી હંમેશા કટોકટી ઊભી થાય છે; 9-1-1 પર તાત્કાલિક કૉલ કરો, તમે આગ ઓલવાઇ ગઇ હોવાનું વિચારતા હો તો પણ.

**કેમ?** આગ, ગરમી અને ધૂમાડો તમારી જાણ બહાર અન્ય વિસ્તારોમાં ખરેખર ફેલાઇ શકે છે.

રસોડાની નાની આગ ઓલવવાનો પ્રયત્ન માત્ર તો જ કરો જો તેમ કરવું સુરક્ષિત હોય.
**જ્યારે પણ શંકા હોય ત્યારે: બહાર નીકળો અને બહાર રહો! 9-1-1 પર હંમેશા કૉલ કરો.**

905.458.5580
bramptonfire.com
firelife@brampton.ca
BramptonFire
@BramptonFireES

BRAMPTON
BRAMPTON FIRE EMERGENCY SERVICES